

ગાંધીનગર સેક્ટર-૧૩ ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબવર્ગના પરિવારોને રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વાર ૫૦૦ જોડી કપડા આપવામાં આવ્યા હતા. મોંઘવારીમાં સામાન્ય માણસને જીવવું કઠીન થઈ રહ્યું છે ત્યારે ગરીબ વર્ગની હાલત શું હોઈ શકે તે આપણે સમજી શકીએ છીએત્યારે રમેશિમ ફાઉન્ડેશને ગરીબ વર્ગના પરિવારોનો તાગ મેળવી શરીર બાળી નાખતા તડકામાં શરીરને ઢાંકવા માટે કપડાનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે વર્ષા ગુપ્તા, મનોજ ગુપ્તા, વર્ષા રાઠોડ, ગૌરવ રાઠોડ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# સે. ૩-ડીમાં આવેલ શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર જીનાલયની ૧૧મી સાલગિરાહ મનાવાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સેક્ટર-૩-ડીમાં આવેલ શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ખાતે જીનાલયની ૧૧મી સાલગિરહ ઉજવવામાં આવશે. સત્તર ભેદી પૂજા, ધજા અને નવકાશી કરવામાં આવશે. જેમાં સંઘોમાંથી પધારેલ મહેમાનોને નવકાશીનો લાભ આપવા વિનંતી કરવામાં આવી છે.

ગાંધીનગર સેક્ટર-૩-ડીના શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા વૈશાખ સુદ-૯, તા. ૮-મે ગુરૂવારના રોજ જીનાલયની ૧૧મી સાલગિરહ મનાવવામાં આવશે. આ એક દિવસીય મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

જેમાં સવારના ૬.૦૦ વાગે પ્રભાતિયા કરવામાં આવશે. ત્યારબાદ સત્તરભેદી પૂજા ૭.૦૦ વાગે થશે. જેમાં કલ્યાણ-મુંબઈના સત્તરભેદી પૂજાના જાણીતા સંગીતકાર પ્રવિણભાઈ શાહ દ્વારા પૂજા ભણાવવામાં આવશે. તેમજ સવારે ૮.૩૦ કલાકે ધજા અને ૮.૦૦ કલાકે નવકાશી કરવામાં આવશે.

આ ધાર્મિક કાર્યક્રમમાં સવારે ૮.૩૦ કલાકે ધજા ચઢાવવામાં આવશે જેમાં સેક્ટર-૧૩ના સંદિપભાઈ શાહ દ્વારા માણિભદ્રવીરની ધજા, સેક્ટર-૧૩ના ફાલ્ગુનીબેન શાહ દ્વારા ચડેશ્વરી માતાજીની ધજા, અમદાવાદના કુ. સ્નેહલ સલોત દ્વારા પદમાવતી માતાજીની ધજા અને સેક્ટર-૪ના અતુલાઈ વખારીયા દ્વારા સરસ્વતી માતાજીની ધજા ચઢાવવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં ઈન્ફોસિટીના વિનોદભાઈ શાહ પરિવાર અને કલ્પતરૂ પાવરના કમલ કિશોર જૈન દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે.

# ઘ-૩ સર્કલ પાસે વિટકોસ બસ અને કાર વચ્ચે અકસ્માત

## પુરપાટ ઝડપે આવતી વિટકોસ બસે કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી

ગાંધીનગર, તા. ૫

શહેરના ગ-૩ સર્કલ પાસે ગત મોડી સાંજે પુરપાટ ઝડપે દોડી આવતી એક વિટકોસ બસના ચાલકે આગળથી પસાર થતી કારને જોરદાર ટક્કર મારી હતી જેથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. જો કે કોઈ જાનહાની થવા પામી ન હતી. આ સંદર્ભે સે. ૭ પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલ પાસેથી શૌનક દવે પોતાની માલિકીની ફોર્ડ ફીગો કાર નં. જીજે-૧૮-બી.એ.-૮૫૧૮ લઈને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન વાવોલ તરફથી પથિકાશ્રમ આવતી વિટકોસ બસ નં. જીજે-૬-વીવી-૬૨ના ચાલકે બસ પુરપાટઝડપે હંકારી હતી અને પથિકાશ્રમ સર્કલ નજીક આગળથી પસાર થતી ફીગો કારને જોરદાર ટક્કર મારતા કારનો પાછળનો ભાગ કુરચો થઈ ગયો હતો અને અકસ્માત સર્જાયો હતો. જો કે કાર ચાલકે સમય સૂચકતા દાખવી કારમાંથી બહાર નીકળી જતા કોઈ જાન હાની થવા પામી ન હતી. જ્યારે બસનો ચાલક બ્રેકફેઈલ થઈ ગઈ છે તેમ કહી ઘટનાસ્થળેથી નાશી છૂટવામાં સફળ રહ્યો હતો. અકસ્માત સંદર્ભે વિટકોસના અધિકારી સાથે કાર ચાલકને વાત કરતા ઉદ્ધતાઈભર્યુ વર્તન કરવામાં આવ્યું હતું. પરિણામે કારના માલિકે આ સંદર્ભે સેક્ટર-૭ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# સરગાસણની સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ૪૫ વિદ્યાર્થીઓનું જેઈઈ એડવાન્સમાં સિલેક્શન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સરગાસણ ખાતે આવેલી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓએ ૨૦૧૪માં લેવાયેલી જેઈઈ પરીક્ષામાં બાજી મારી સ્કૂલનું અને શહેરનું ગૌરવ વધાર્યું છે.

ગાંધીનગર એ શિક્ષણનું કાશી કહેવાય છે. શહેરમાં મોટી મોટી સંસ્થાઓ દ્વારા શિક્ષણની ધારા વહેવડાવવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર પાસેના સરગાસણ ખાતે આવેલી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ૪૫ વિદ્યાર્થીઓનું જેઈઈ એડવાન્સમાં સિલેક્શન થયું છે.

ગુજરાતમાં અને ગુજરાતી મિડીયમમાં શાળા અવ્વલ નંબરે આવી છે ત્યારે શાળાનું ગૌરવ વધારેલ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૩ની પરીક્ષા કરતા પણ આ વર્ષે કટ ઓફ માર્કસ વધારે હતા. તે છતાં વિદ્યાર્થીઓના સારા પ્રદર્શનથી શાળા પરિવારે ખુશી વ્યક્ત કરી છે.

# જાહેરનામા ભંગ બદલ ઈન્ફોસિટીના બે દુકાનમાલિક સામે પોલીસ ફરિયાદ

## બન્ને દુકાન માલિકે સી.સી. ટીવી કેમેરા ન લગાવતા એસ.ઓ.જી. ટીમે દરોડો પાડ્યો હતો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એસ.ઓ.જી. ટીમે આજે ઈન્ફોસિટીની બે દુકાનના માલિક સામે કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ સે. ૭માં ફરિયાદ નોંધાવી હતી. જે સંદર્ભે સે. ૭ પોલીસે બન્ને દુકાન માલિક સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં રોજબરોજ બનતી ગુનાહીત પ્રવૃત્તિને રોકવા તેમજ ઘટનાનુ પગેરૂ શોધવા અથવા ઘરફોડ ચોરી, લૂંટ જેવા કિસ્સાઓમાં ગુનેગારને પકડવા પોલીસને શરળતા રહે તે માટે સમગ્ર રાજ્યમાં તમામ જાહેર સ્થળો જેવા કે હોટલ દુકાન, રેસ્ટોરન્ટ, ઓફિસ, બેંક, એટીએમ વગેરે સ્થળે ફરજીયાત પણે માલિકો અને સંચાલકોએ સી.સી. ટીવી કેમેરા લગાવવા તેવું જાહેરનામુ જિલ્લા કલેક્ટરે બહાર પાડેલુ છે. ત્યારે ગાંધીનગર ઈન્ફોસિટીના પ્રમુખ સુપર માર્કેટના માલિક જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ બિહોલા, મેઘધનુષ નામની દુકાનના માલિક ભરત છનાભાઈ જાદવે પોતાની દુકાનમાં સી.સી. ટીવી કેમેરા ન લગાવતા આજે બન્ને દુકાનમાં ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. જેમાં સી.સી. ટીવી કેમેરા ન લગાવી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ સે. ૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે બન્ને માલિક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# અપહ્યુત યુવાન અચાનક કોર્ટમાં પ્રગટ થયો

## ૧૮ દિવસ પૂર્વે રૂ. ૨.૭૦ કરોડની લેવડ-દેવડમાં પાલજના યુવાનનું નગરના બે ફાયનાન્સરોએ અપહરણ કર્યુ હતુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના પંચદેવ પાસેથી અંદાજે પખવાડીયા અગાઉ રૂ. ૨.૭૦ કરોડની લેવડદેવડમાં પાલજના યુવાન અલ્પેશ વાળંદનું અપહરણ થયું હોવાની ફરિયાદ સે. ૨૧ પોલીસમાં નોંધાઈ હતી પોલીસ દ્વારા સતત યુવાનની શોધખોળ કરવામાં આવી હતી તેમ છતાં કોઈ ભાળ મળી ન હતી જો કે આજે અચાનક જ રીતે અપહ્યુતે કોર્ટમાં હાજર થઈ મારૂ અપહરણ નથી થયું તેવું એફીડેવિટ રજૂ કર્યુ હતુ. આ સંદર્ભે હાલ સે. ૨૧ પોલીસે અપહ્યુતનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પાલતનો ૩૦ વર્ષીય યુવાન અલ્પેશ રણછોડભાઈ વાળંદે ફાયનાન્સનો ધંધો કરતા બે શખ્સોને રૂપિયા આપ્યા હતા તે બન્ને શખ્સો સે. ૭માં રહેતા પ્રમુખ પ્રહલાદ પટેલ અને સે. ૨૯માં રહેતો દર્પણ ધીરજ ધોળકીયાને રૂપિયા આપ્યા હતા. જેની લેતી દેતીમાં ગઈ ૧૭મી એપ્રિલે આ બન્ને શખ્સોએ અલ્પેશ વાળંદને સે. ૨૨ પંચદેવ મંદિર પાસે સાંજના સમયે સમાધાન માટે બોલાવ્યો હતો અને ત્યાંથી આ બન્ને શખ્સોએ અલ્પેશનું અપહરમ કર્યુ હતુ તેવી ફરિયાદ તેના પિતાએ સે. ૨૧ પોલીસમથકમાં નોંધાવી હતી. અને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

જેમાં એક આરોપી દર્પણ ધોળકીયા પોલીસ સમક્ષ હાજર થઈ ગયો હતો અને પ્રમુખ પટેલે આગોતરા જામીન અરજી કરી હતી જે કોર્ટે ફગાવી દીધી હતી. દરમિયાન આજે આ પ્રકરણમાં અચાનક જ નવો વળાંક આવ્યો હતો અને અપહ્યુત અલ્પેશ વાળંદ ખુદ એફિડેવિટ સાથે કોર્ટમાં રજૂ થઈ જતા પોલીસ પણ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. અપહ્યુત અલ્પેશે એફિડેવિટમાં બન્ને આરોપીઓ પ્રમુખ પટેલ અને દર્પણ ધોળકીયા નિર્દોષ હોવાનું અને માનસિક રીતે બિમાર હોવાથી ફરવા જતો રહ્યો હોવાનું જણાવ્યું હતું. આ સંદર્ભે સે. ૨૧ પોલીસે અપહ્યુંતની સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.



સરકારી કચેરીઓ ધીરે ધીરે કોર્પોરેટ લુક લેવા માંડી છે. બહુમાળી મકાનમાં ચોથા માળે આવેલી તીજોરી શાખાની પેન્શન કચેરી તેનુ ઉદાહરણ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# દંઢાવ્ય બ્રહ્મભટ્ટ મંડળ સમાજના પરિવારોને મફત ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં વસતા બ્રહ્મભટ્ટ સમાજના વિદ્યાર્થીઓને સમાજ દ્વારા વિના મૂલ્યે નોટબુકો અને ચોપડા આપવામાં આવશે. વાર્ષિક એક લાખથી ઓછી આવક ધરાવતા પરિવારના બાળકોને સહાય આપવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં વસતા બ્રહ્મભટ્ટ પરિવારના બાળકો જેઓ ધોરણ ૫ થી ઉપરના વર્ગોમાં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓને દંઢાવ્ય બ્રહ્મભટ્ટ મંડળ દ્વારા નોટબુક અને ચોપડા વિતરણ કરાશે. જે પરિવારો આ ચોપડા મેળવવા ઈચ્છતા હોય તેમણે છેલ્લી પરીક્ષાની ગુણપત્રકની પ્રમાણિત નિકલ, વાર્ષિક એક લાખથી ઓછી આવકનો દાખલો નિયત ફોર્મ સાથે જોડવાનો રહેશે. આ ફોર્મ અંતિમ તારીખ ૨૦મે સુધી સમાજના મહામંત્રી વી.એન. અજબાણી પ્લોટ નં. ૪૬૮/૨, સે-૩-સી ગાંધીનગર મો-૯૪૨૮૦ ૨૯૫૪૦ પર મોકલી આપવાના રહેશે તેમજ સંપર્ક કરવો.

# વીજદર વધારો તરત પાછો ખેંચવા કોંગ્રેસની ઉગ્ર માંગ

અમદાવાદ, તા.૦૫

લોકસભાની ચૂંટણી મતદાન પછી ગુજરાતના નાગરીકો પર દૂધના ભાવવધારા પછી અમદાવાદ, ગાંધીનગર અને સુરતના વીજ વપરાશકારો પર યુનિટ દીઠ ૪૪ પૈસા ભાવ વધારો ઝીંક્યો છે. વીજ વધારાના બોજથી નાગરીકો પરેશાન થઈ જસે તેથી વીજ વધારો તાકીદે પાછો ખેંચવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રીએ વડાપ્રધાન પદ માટે કરોડો રૂપિયાની માર્કેટીંગમાં નાણાં વિવિધ રીતે ખર્ચા કર્યા છે, ત્યારે જે કોઈ ઉદ્યોગગૃહોએ મદદ કરી છે તે ઉદ્યોગગૃહોએ ચૂંટણી પછી તરત જ વસુલાતના ભાગરૂપે વીજ વધારો ગુજરાતના નાગરીકો પર ઝીંક્યો છે.

આજ રીતે આગામી દિવસોમાં જે કોઈ ઉદ્યોગગૃહોના કરોડો રૂપિયાના પરત મેળવવવાળા સીએનજી / પીએનજીમાં પણ ભાવ વધારો ઝીંકવામાં આવશે. ગુજરાતમાં ચૂંટણી પછી મોટા પાયે વિવિધ ચીજ વસ્તુઓમાં ભાવ વધારો અને વિવિધ ટેક્ષ ગુજરાતના નાગરીકો પર ઝીંકાશે તેવી પુરી શક્યતા છે. અગાઉ પણ ચૂંટણી પછી ગુજરાતમાં આવી રીતે મોટા પાયે ભાવ વધારો ઝીંકવામાં આવ્યો હતો. ખાનગી વીજ કંપની દ્વારા છેલ્લા વર્ષોમાં વારંવાર વીજ વધારો ગ્રાહકો પર ઝીંકીને ગુજરાતના નાગરીકોને લૂંટવામાં આવી રહ્યા છે. ત્યારે, દૂધના ભાવ વધારા પછી યુનિટ દીઠ વીજ વધારો સામાન્ય-મધ્યમ વર્ગના પરિવારો માટે અસહ્ય છે. ત્યારે અમદાવાદ, ગાંધીનગર, સુરતના વીજ વપરાશકારો પર ઝીંકાયેલ ભાવવધારો તાકીદે પરત ખેંચવા કોંગ્રેસ પક્ષની માંગ છે.

# પ્રજાપતિ સમાજનો ૧૧મો જીવનસાથી પંસદગી મેળો યોજાશે : રાજયના યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા ૧૧મો જીવનસાથી પસંદગી મેળો આગામી તા. ૧૫ જુન રવિવારના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જેના પ્રવશ ફોર્મ ભરી તા. ૨૦મે સુધી પ્રમુખ મંત્રીને પરત કરવામાં આવશે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા રાજયમાં વસતા પ્રજાપતિ સમાજના યુવક-યુવતીને લગ્ન માટે યોગ્યપાત્ર મળી રહે તે માટે ૧૧મો જીવનસાથી પસંદગી મેળો ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવાનું આયોજન કર્યું છે.

જીવનસાથી પસંદગી મેળો તા. ૧૫ જુનના રોજ યોજવામાં આવશે. જેમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓએ તા. ૨૦મે સુધી પ્રજાપતિ સમાજના પ્રમુખ-મંત્રીને પ્રવેશપત્ર ભરીને પરત કરવાના રહેશે તેમ મહામંત્રી જશુભાઈ ઓઝાએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૭.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૩ :
પુરાની જીન્સ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૬.૦૦, ૮.૦૦
: સ્કીન-૪ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૪૫
કયા દિલ્હી કયા લાહોર : ૮.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
સ્પાઈડર મેન-૨ ૩ડી(હિન્દી) :
૧૦.૦૦,૧.૦૦,૪.૧૦,૭.૨૦,૧૦.૩૦
: સ્કીન-૨ :
સ્પાઈડરમેન-૨ ૩ડી (હિન્દી) :
૯.૦૦,૧૨.૦૦,૩.૧૦,૬.૨૦,૯.૩૦
: સ્કીન-૩ :
પુરાના જીન્સ: ૯.૦૦, ૨.૪૫, ૮.૩૦
સ્પાઈડરમેન-૨ ૨ડી (હિન્દી) : ૧૧.૪૫, ૫.૩૦
: સ્કીન-૪ :
૨ સ્ટેટસ્ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### આર વર્લ્ડ (અડાલજ)

: સ્કીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્કીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
પુરાની જીન્સ : ૧૧.૦૦, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૨.૦૦, ૭.૩૦
૨ સ્ટેટ્સ : ૪.૧૫
: સ્કીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૩ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૪.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦
૨ સ્ટેટ્સ : ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. કૌટુંબિક જવાબદારીનું ધ્યાન રાખવું. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. દિવસ આમોદ- પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડ થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : નવી યોજનાનો પ્રારંભ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે.

**ધન** : સ્વજનોથી મેળમેળાપ વધશે. શારીરિક પીડા થઈ શકે છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : ધન સંચય થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

## ચિરવિદાય

- સ્વ. ધમા રોમાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. બોરીજ- નવાપરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રહલાદજી શંકરજી સોલંકી (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૩૮૫/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. કરશનભાઈ રામજીભાઈ સોઢા (ઉ.વ. ૭૯) પ્લોટ નં. ૯૦૭/૧, સેકટર-૨/સી, ગાંધીનગર.
- સ્વ. લીલાબાઈ વાહજીભાઈ રબારી (ઉ.વ.૧૦૫) રબારીવાસ, ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. અમૃતલાલ ધનજીભ્મી ખંભાયતા (ઉ.વ.૭૫)પ્લોટ નં. ૩/કે/૪, બાલાજી અઘોરા રેસીડેન્સી, મુ.પો. સુઘડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાન્તીજી ગાંડાજી સોલંકી (ઉ.વ. ૪૫) મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.